ગ્રાહકફરીયાદનિવારણફોરમ,ભુજ
પશ્ચિમ ગુજરાત વિજકંપનીલી.
પાવરહાઉસ કમ્પાઉન્ડ, જી.કે.જનરલ હોસ્પિટલ સામે, ભુજ
ફોનનંબર ૦૨૮૩૨-૨૫૩૫૫૦ ફેક્ષ ૦૨૮૩૨-૨૫૦૦૪૮
Email- forumbhuj.pgvcl@gebmail.com.
કેસી/સીજીઆરએફ/૨૦૨૪ તા. / /૨૦૨૪

૨૦૦૩ના ભારતીય વિજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિધ્યુતનિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૯ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ **(CGRF)** પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી. ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG-004-005-2023-24

જવાહર લક્ષ્મીદાસ મોતા

ગામ: ગાંધીધામ ,તા ગાંધીધામ -*કચ્છ*...............અરજદાર.

વિરુધ્ધ

શ્રી ડી.આર.ધાડિયા કાર્યપાલક ઈજનેરશ્રી,

પીજીવીસીએલ વિભાગીય કચેરી, *ગાંધીધામ* -કચ્છ...........સામાવાળા.

બાબત:- વીજ-બીલ ની રકમ રદ કરવા અંગે...

અરજદારતરફે:- જવાહર લક્ષ્મીદાસ મોતા

સામેવાળાનાતરફે:-

શ્રી ડી.આર.ધાડિયા કાર્યપાલક ઈજનેરશ્રી ગાંધીધામ વિભાગીય કચેરી

કોરમ:

(૧) એન.સી.મકવાણા - ચેરપર્સન

(૨) શ્રીઆર.જી.કુંપાવત – સ્વતંત્રમેમ્બર

સુનાવણીસ્થળ-પીજીવીસીએલ વર્તુળકચેરી ભુજ

તા.: ૦૩/૦૪/૨૦૨૪

# ઠરાવ

૧. અરજદારશ્રી ની રજૂઆત એવી છે કે તેઓ ગામ ગાંધીધામ મધ્યે કોમલ કોમ્પ્લેક્ષમાં પ્રથમ માળે ઓફીસ નં.૧૦, ગ્રાહક નંબર ૩૮૧૦૩/૦૬૯૬૦/૪થી પીજીવીસીએલ ની ગાંધીધામ પેટા વિભાગીય કચેરીનું વીજ કનેક્શન ધરાવે છે.

૨. અરજદારશ્રીના જણાવ્યા અનુસાર તેઓએ સદર ઓફીસ શંકરલાલ એલભાનુશાલી પાસેથી ખરીદેલ જેના નામ બદલી ની કાર્યવાહી માટે પીજીવીસીએલ ની ગાંધીધામ પેટા વિભાગીય કચેરી ખાતે અરજી કરેલ તે વખતે અરજદારશ્રી જાણવા મળ્યું કે તેઓનું વીજ જોડાણ તા.૨૮/૦૩/૨૦૨૩ના રોજ પી.ડી.સી. કરી નાખવામાં આવેલ છે જ્યારે મીટર સ્થળ પર જ લાગેલ હતું.

૩. અરજદારશ્રીના જણાવ્યાઅનુસાર પીજીવીસીએલ ની ગાંધીધામ પેટા વિભાગીય કચેરી ખાતે લેજર એકાઉન્ટ જોતા છેલ્લા રીડીંગ ૬૩૯૬ બતાવતું હતું. ત્યારબાદ તા.૧૫/૧૨/૨૦૨૩ના મીટર ઉતારવામાં આવેલ અને મીટર રીપ્લેસમેન્ટ રોજકામમાં છેલ્લા રીડીંગ ૯૬૫૯ બતાવીને તેઓને ૩૨૬૩ યુનિટનું રૂ૪૦,૬૬૯/-નું બીલ તા.૨૭/૧૨/૨૦૨૩ના આપવામાં આવેલ છે.

૪. અરજદારશ્રીના જણાવ્યા અનુસાર મીટર ચકાસણી રોજકામમાં મીટરમાં કોઈ ખામી કે સીલ તૂટેલા ન હતા કે અન્ય કોઈ જોડાણ પણ બતાવતું ન હતું લેબ ચકાસણીમાં પણ કોઈ વાંધો જણાતું નથી તેમજ છેલ્લા બાર માસથી તેઓની ઓફીસ બંધ હોવા છતાં ૯૩ યુનિટનો વપરાશ બતાવે છે જેથી વધારાના ૩૨૬૩ યુનિટનો જંપ કેવી રીતે આવેલ તે બાબતે અરજદારશ્રીને વાંધો છે.

૫. આમ, તેઓના મીટરમાં કોઈ પણ ખામી ન હોવા છતાં તેઓને આપવામાં આવેલ૩૨૬૩ યુનિટનું રૂ૪૦,૬૬૯/-ના બીલ માટે યોગ્ય ન્યાય મેળવવા માટે ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ સમક્ષ ફરિયાદ કરેલ છે.

૬ તારીખ ૦૩/૦૪/૨૦૨૪ ની ફોરમ ની મીટીંગમાં અરજદાર દ્વારા ઉપરોકત વિવાદીત જગ્યા પર સદરહુ વીજ કનેક્શન રદ થયા સમય ના જુના લેણા પેટે બાકે રકમ રૂ૧૦૫૦૦/- તારીખ ૦૨/૦૧/૨૦૨૪ નો રોજ ભરી નવુ વીજ કનેક્શન ગ્રાહક નંબર૩૮૧૦૩/૧૫૩૫૬/૭ થી તારીખ ૦૨.૦૧/૨૦૨૪ ના રોજ મેળવી લીધેલ છે. એમ જણાવેલ છે.

<u>બીજી તરફ પીજીવીસીએલની રજૂઆત નીચે મુજબ છે.</u>

૭. પીજીવીસીએલ ની ગાંધીધામ પેટા વિભાગીય કચેરી ખાતે આવેલ પ્લોટ નં૩૦૫, વોર્ડ નં.૧૨ બી માં કોમલ કોમ્પ્લેક્ષમાં પ્રથમ માળે ઓફીસ નં.૧૦ ગ્રાહક નંબર ૩૮૧૦૩/૦૬૯૬૦/૪થી શ્રી શંકરલાલ એલ.ભાનુશાલીના નામે વીજ જોડાણમાં વીજ વપરાશના બાકી લેણા રૂ.૧૦૪૭૯.૨૨ બાકી હોવાથી તા.૨૮/૦૩/૨૦૨૩ના સદર વીજજોડાણ કાયમી ધોરણે રદ કરવામાં આવેલ હતું.

૮ સદર વીજજોડાણ કાપ્યા બાદ મીટર લેબ ટેસ્ટમાં તથા એમ.આર.આઈ.તા.૨૯/૧૨/૨૦૨૩ ના રોજ કરવામાં આવેલ તેમાં ફાઈનલ ૯૬૫૯ રીડીંગ જાણવા મળેલ અને સદરહુ એમ.આર.આઈ રજુ કરેલ છે. તે મુજબ ૩૨૬૩ યુનીટ પેન્ડીંગ હતા આથી તફાવતના ૯૬૫૯ – ૬૩૯૬=૩૨૬૩ યુનિટનું રૂ૪૦૬૬૯.૩૪ નું પુરવણી બીલ સદર ગ્રાહકને ઇસ્યુ કરવામાં આવેલ છે.જે કંપનીના નિયમનુસાર ભરવાપાત્ર છે.

## ફોરમ નુ તારણ

૯ બન્ને પક્ષકારોની રજુઆત જોતા સદરહુ ફરિયાદ અરજદાર ને એમના ગ્રાહક નંબર ૩૮૧૦૩/૦૬૯૯૦/૪ જે અગાઉ ઉપરોક્ત મુળ જગ્યાના માલીક શંકરલાલ એલ ભાનુશાલી ના નામે હતુ જે અરજદારે વર્ષ ૨૦૧૭ માં ખરીદેલ હોઇ એ માટે સદરહુ અરજદારે નામ બદલી કરાવવા પીજીવીસીએલ કંપની નો સંપર્ક કરતા સદરહુ વીજ જોડાણ માં રૂ ૧૦૫૦૦/- ની રકમ બાકી હોતા રદ (પીડીસી) થઇ ગયેલ હોઇ અને ઉપરાંત સદરહુ પીડીસી કનેક્શન ના મીટર નો તારીખ ૧૫/૧૨/૨૦૨૩ લેબ રોજકામમાં છેલ્લા રીડીંગ ૯૬૫૯ આવેલ હોઇ આમ તફાવત ના યુનીટ ૯૬૫૯-૬૩૯૬=૩૨૬૩ નુ કુલ્લ બીલ ૩૦૧૯૦.૧૨+ અગાઉ ના બાકી ૧૦૪૭૯.૨૨ આમ કુલ્લ બાકી રુ ૪૦૬૬૯.૩૪ બાકી નીકળેલ હોઇ સદરહુ ફરિયાદ ઉદભવેલ છે.

૧૦ અરજદાર ને અગાઉની બાકી રકમ રુ ૧૦૪૭૯.૧૨ સામે વાંધો નથી અને એ એમણે તારીખ ૦૨/૦૧/૨૦૨૪ નો રોજ ભરપાઇ કરી સદરહુ જગ્યા પર તારીખ ૦૨/૦૧/૨૦૨૪ નો રોજ નવુ વીજ કનેકશન ગ્રાહક નંબર ૩૮૧૦૩/૧૫૩૫૬/૭ થી મેળવી લીધેલ છે. પરંતુ એ બાબત નો ઉલ્લેખ અત્રે ની ફોરમ સમક્ષ તારીખ ૨૫/૦૧/૨૦૨૪ નો રોજ કરેલ ફરિયાદ મં કરેલ નથી અને અમને સાથે બીજી તરફ સદરહુ બાબત નો ઉલ્લેખ નાયબ ઇજનેર પીજીવીસીએલ ગાંધીધામ પેટાવિભાગ ના પત્ર નંબર ૮૦૮/ તારીખ ૧૨/૦૨/૨૦૨૪ ના રોજ ભુજ ફોરમ ને અપાયેલ જવાબ માં પણ કરેલ નથી એ ગંભીર બાબત છે અને સદરહુ કેસ અત્રેની ફોરમ માં ચાલતો હોઇ ફોરમ ને ઉપરોકત બાબત થી માહીતગાર કરેલ ન હોઇ કાર્યપાલક ઇજનેર ગાધીધામ ને આ બાબત સબધીત અધિકારી નો ખુલાસો માંગવાની કાર્યવાહી કરવી.

૧૧ સદરહુ અરજદાર ના પીડીસી થયેલ જુના મીટર ના લેબ રીપોર્ટ માં જે ૩૨૬૩ યુનીટ તફાવત આવેલ છે તે સદરહુ અરજદાર ના લેજર રીપોર્ટ નો અભ્યાસ કરતા મીટર રીડરો દ્વારા મીટર રીડીંગ અનિયમિત લેવામાં આવેલ હોય એવુ જણાઇ આવે છેઆમ સદરહુ મીટરના લેબ રીપોર્ટ તારીખ ૧૫/૧૨/૨૦૨૩ ના નેકળેલ પેન્ડીગ યુનીટ૩૨૬૩ ઉપરોક્ત મીટર લાગેલ તારીખ ૦૬/૦૫/૨૦૧૩ થી મીટર ઉતરેલ તારીખ ૨૮/૦૩/૨૦૨૩ સુધી ના સમય ગાળા નુ કુલ્લ૩૨૬૩ યુનીટ ના જેતે સમયગાળા ના ટેરીફ રેટ/ફ્યુલ કોસ્ટ/ઇલે ડ્યુટી વગરે ના ભાગલા પાડી અરજદાર ને રીવાઇઝ બીલ દિવસ૦૭ માં આપવુ અને જો તે અરજદાર ન ભરે તો સદરહુ રીવાઇઝ બીલ ની રકમ એમના નવા રીલીઝ થયેલ વીજ કનેકશન ગ્રાહક નંબર૩૮૧૦૩/૧૫૩૫૬/૭ માં ટ્રાંન્સફર કરવી.

(૩)

-: હુકમ:-

બન્ને પક્ષકારોની રજૂઆત બાદ હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

ઉપરોકત કેસમાં ઉપરોકત ક્રમ નંબર૧૦ અને ૧૧ મુજબ હુકમ કરવામાં આવે છે.

- અરજદારની અરજી નામંજુર કરવામાં આવે છે.
- ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.
- આ હુકમ આજ તા.03/0૪/૨૦૨૪ ના રોજ જાહેર કર્યો .

| | |
|---|---|
| (આર.જી.કુંપાવત) | (એન.સી.મકવાણા) |
| સ્વતંત્ર મેમ્બર | ચેરપર્સન |

## ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ-કચ્છ

નોંધ:

અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખ થી દિવસ- 30માં વિદ્યુત લોકપાલમાં રજુઆત કરી શકે છે. આ રજુઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામાં નં0૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબ ની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ રજુઆત લોકપાલ સ્વીકારશે કલમ ૩.૧૯ (૮) મુજબ ફરીયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એકતૃત્તીયાંશ રકમ જમાં કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબીતી રજુ કરી હોય, તો જ તેવી રજુઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: જીલ્લા સેવા સદન -૩ત્રીજો માળ –બ્લોક નં-૧, ગવર્મેન્ટ પ્રેસ રોડ, રાજકોટ -૩૬000૧, ફોન નં.0૨૮૧-૨૯૯૪૧૨૫

ફરીયાદ નિવારણ ફોરમ પી.જી.વી.સી.એલ. ભુજ કચ્છ